**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

વિષય : વેક્સીનેશન કેમ્પનું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ ૧) રાજ્ય સરકારશ્રીનાં પરીપત્ર ક્રમાંક પરચ/૨૦૧૮/૬૧/ખ-૧, સચિવાલય, ગાંધીનગર, તા.૨૮/૦૬/૨૦૨૧ તથા તા.૩૦/૦૬/૨૦૨૧.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ તથા વહિવટી સ્ટાફ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો ને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ની **પી.જી./બી.એડ.સેમ. ૨ અને ૪, એલએલ.બી. સેમ. ૧, યુ.જી.સેમ. ૫(પુરક) તેમજ બાહ્ય અભ્યાસક્રમ (External) યુ.જી. સેમ. ૫(પૂરક), પી.જી.સેમ. ૨ અને ૪** ના વિદ્યાર્થીઓની પ્રથમ તબક્કાની ઓફલાઇન પરીક્ષાઓ **તારીખ ૦૭/૦૭/૨૦૨૧** થી શરૂ થઇ રહી છે તેમજ દ્વિતીય તબક્કાની યુ.જી. સેમ. ૬, એલએલ.બી. સેમ. ૪, D.M.L.T. તેમજ **બાહ્ય અભ્યાસક્રમ (External) યુ.જી. સેમ.૨, ૪, ૬** ની ઓફલાઇન પરીક્ષાઓ **તારીખ ૧૭/૦૭/૨૦૨૧** થી શરૂ થનાર છે. આ ઓફલાઇન પરીક્ષાઓનું આયોજન કરવા સંદર્ભ પત્ર-૧ દ્વારા નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામા આવે છે.

૧. કોરોના ની વૈશ્વિક મહામારી ને રોકવા માટેનું અમોઘ શસ્ત્ર દેશનાં તમામ નાગરીકોમાં વધુમાં વધુ સંખ્યામાં વેક્સીનેશન થાય એ જ છે આ માટે અત્રેની યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી ભવન તથા સંલગ્ન કોલેજો/ અનુસ્નાતક કેન્દ્રોનાં તમામ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણીક સ્ટાફ માટે વ્યાપક પ્રમાણમાં વેક્સીનેશન ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. યુનિવર્સિટી ભવન/કોલેજો/ અનુસ્નાતક કેન્દ્રોએ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણીક સ્ટાફ માટે સ્થાનિક સત્તામંડળો જેવા કે મહાનગર પાલિકા/ નગર પાલિકા/ પંચાયત ના સહયોગમાં ફરજીયાત કોવિડ વેક્સીનેશન કેમ્પનું આયોજન કરીને પરીક્ષાર્થીઓનાં વેકસીનેશનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે તેમજ ઓફલાઇન પરીક્ષામાં જો કોઇ પરીક્ષાર્થી અનિવાર્ય સંજોગો કે અમુક કારણોસર વેક્સીન લીધેલ ન હોય તો પણ તેઓને પરીક્ષા આપવા માટેની પરવાનગી આપવાની રહેશે.
૨. વેક્સીનેશન અંગે આરોગ્ય એન પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓ/ માર્ગદર્શિકાઓને અનુસરી, તેઓના સંકલનમાં કામગીરી કરવાની રહેશે.
૩. દરેક યુનિવર્સિટી ભવન/કોલેજો/ અનુસ્નાતક કેન્દ્રોએ પોતાના વિસ્તારની પરિસ્થિતિઓને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફની આરોગ્યલક્ષી સુરક્ષાને ધ્યાનમાં રાખવાનું તથા COVID-19ની વખતોવખતની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૪. પરીક્ષા ખંડોમાં સોશ્યલ ડીસ્ટન્સીંગના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ હોસ્ટેલમાં રહેઠાણ બાબતે COVID-19 અંગેની શિક્ષણ વિભાગની વખતોવખતની માર્ગદર્શિકા (S.O.P.) નું પાલન કરવાનું રહેશે તથા COVID-19ના પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુષંગિક બાબતો (દા.ત. માસ્ક, સેનેટાઇઝેશન વગેરે) નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કા.કુલસચિવ

બિડાણઃ- રાજ્ય સરકારશ્રીનાં પરીપત્ર ક્રમાંક પરચ/૨૦૧૮/૬૧/ખ-૧, સચિવાલય, ગાંધીનગર, તા.૨૮/૦૬/૨૦૨૧ તથા તા.૩૦/૦૬/૨૦૨૧.

**નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૫૪/૨૦૨૧**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા.૦૧/૦૭/૨૦૨૧

**પ્રતિ,**
યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, યુનિ.સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સ્થળ સંચાલકશ્રીઓ તેમજ સંસ્થાઓનાં વડાઓ, વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનો તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)

રાજ્યની સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજોઓ માટે ઓફલાઇન/ પ્રત્યક્ષ રીતે પરીક્ષાનું આયોજન કરવા બાબત.

ગુજરાત રાજ્ય

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

સચિવાલય, ગાંધીનગર

તા.૨૮/૦૬/૨૦૨૧

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો તા:૦૪/૦૬/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ.

પરિપત્ર:-

ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભિત ઠરાવથી શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨નું કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર તરફથી સુચનાઓ મળ્યા બાદ જ ઓફ લાઇન (પ્રત્યક્ષ) પરીક્ષા લેવાની રહેશે તેમ ઠરાવવામાં આવેલ હતું.

હાલમાં, રાજ્યમાં COVID-19ના સંક્રમણની પરિસ્થિતિમાં સુધારો થતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઇ, પુખ્ત વિચારણાને અંતે સ્નાતક કક્ષાના ફાઇનલ સેમેસ્ટર/ટર્મીનલ સેમેસ્ટર અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન (પ્રત્યક્ષ) પરીક્ષાનું આયોજન કરવા નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ/કોલેજોએ સ્નાતક કક્ષાના ફાઇનલ સેમેસ્ટર/ટર્મીનલ સેમેસ્ટર અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે જુલાઇ ૨૦૨૧ દરમ્યાન પ્રવર્તમાન પરિસ્થિતિઓને ધ્યાને લઇ પોતાની અનૂકુળતા મુજબ ઓફ લાઈન (પ્રત્યક્ષ) પરીક્ષાઓનું આયોજન કરવાનું રહેશે.

૨. પરીક્ષાઓનું આયોજન કરતા પહેલા રાજ્યની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજોએ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ માટે સ્થાનિક સત્તામંડળો જેવા કે મહાનગર પાલિકા/ નગર પાલિકા/પંચાયતના સહયોગમાં ફરજીયાત કોવિડ વેક્સીનેશન કેમ્પનું આયોજન કરીને પરીક્ષાર્થીઓના વેક્સીનેશનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

(P.T.O.)

૩. વેક્સીનેશન અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓ/માર્ગદર્શિકાઓને અનુસરી, તેઓના સંકલનમાં કામગીરી કરવાની રહેશે.

૪. દરેક યુનિવર્સિટી/કોલેજોએ પોતાના વિસ્તારની પરિસ્થિતિઓને ધ્યાને લઇ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફની આરોગ્યલક્ષી સુરક્ષાને ધ્યાનમાં રાખવાનું તથા COVID-19ની વખતો વખતની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. પરીક્ષા ખંડોમાં સોશીયલ ડીસ્ટન્સીંગના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ હોસ્ટેલમાં રહેઠાણ બાબતે COVID-19 અંગેની શિક્ષણ વિભાગની વખતો વખતની માર્ગદર્શિકા (S.O.P.) નું પાલન કરવાનું રહેશે તથા COVID-19ના પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુષંગિક બાબતો (દા.ત. માસ્ક, સેનેટાઇઝેશન વગેરે)નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલના હુકમથી તથા તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/ શાખા સિલેક્ટ ફાઇલ

રાજ્યની સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજો માટે ઓફલાઇન/પ્રત્યક્ષ રીતે પરીક્ષાનું આયોજન કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.30/0૬/૨૦૨૧

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો તા:૨૮/0૬/૨૦૨૧નો સમાનાંકી પરિપત્ર.

પરિપત્ર:-

ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભિત પરિપત્રથી રાજ્યની સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજો માટે ઓફલાઇન/પ્રત્યક્ષ રીતે પરીક્ષાનું આયોજન કરવા બાબતે સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ હતી. આ પરિપત્રના પેરા (૨)માં પરીક્ષાઓનું આયોજન કરતા પહેલા રાજ્યની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજોએ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ માટે સ્થાનિક સત્તામંડળો જેવા કે મહાનગર પાલિકા/ નગર પાલિકા/પંચાયતના સહયોગમાં ફરજીયાત કોવિડ વેક્સીનેશન કેમ્પનું આયોજન કરીને પરીક્ષાર્થીઓના વેક્સીનેશનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે, તેમ જણાવેલ છે.

ઉક્ત પરિપત્ર અન્વયે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે યુનિવર્સિટી/કોલેજોની ઓફલાઇન/પ્રત્યક્ષ પરીક્ષામાં જો કોઇ પરીક્ષાર્થી અનિવાર્ય સંજોગો કે અમુક કારણોસર વેક્સીન ન લઇ શકેલ હોય તો પણ તેઓને પણ પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવાની રહેશે.

તા:૨૮/0૬/૨૦૨૧ના સમાનાંકી પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)

(P.T.O.)

Scanned with CamScanner

-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-અધિક મુખ્ય સચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)

-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/શાખા સિલેક્ટ ફાઇલ

Scanned with CamScanner